મહે.સુરતના ૬ ઠ્ઠા એડી. સિનીયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં

રૂમ નં. ૮૧૬, આઠમા માળે, જીલ્લા ન્યાયાલય, સુરત.

અરજદારઃ માવજીભાઈ ભીખાભાઈ રોટા
ઉ.આ.વ.૫૩,ધંધો : વેપાર
રહે. બી-૧૦૩, માધવ પેલેરોના, આશ્રમ રોડ,
જહાંગીરપુરા, સુરત.

સી.એમ.એ એસ.સી નં.૧૭૩/૨૦૨૫
આંકડ:

...વિરૂધ્ધ...

સામાવાળાઃ કોઈ નહીં

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે, અરજદારે મર્હુમ કીકીબેન તે રામજી મકનની વિધવા ની મિલકત જે શહેર સુરતના મોજેઃ વેસુ, સર્વે નં.૩૩૬, બ્લોક નં.૨૦૮, હિસ્સા નં.૨, આકાર રૂા.૭.૮૭ પૈસા, જેનુ ક્ષેત્રફળ હે.આરે.૦૦-૬૨-૦૦ ચો.મી. પૈકી હે.આરે.૦૦-૬૧-૩૮ ચો.મી. વાળી ખેતીની જમીનના વારસદાર તરીકે ના વિવિધ દાબોના સંબધે પ્રોબેટ સર્ટીફિકેટ મેળવવા માટે અત્રેની કોર્ટમા અરજી દાખલ કરેલી છે આ અરજી વિરૂધ્ધ જો કોઈ વાંધો હોય તો તેઓએ જાતે અથવા વકીલ મારફત તા.૧૦/૧૧/૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે નામદાર કોર્ટમા હાજર રહી વાંધા રજુ કરવા જો તેમ કરવામા કસુર થશે તો નામદાર કોર્ટ આ અરજી સાંભળી કાયદા મુજબ તેનો નિકાલ કરશે તેની નોંધ લેવી.

આજ તા. ૧૬ મી માહે ઓકટોબર ૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યા

તૈયાર કરનાર — આસીસ્ટન્ટ [કે.એમ.વહુ]
મુકાબલ કરનાર — સુપ્રિન્ટેન્ડેન્ટ (એ.ડી.ગાંધી)
કોર્ટનો સિક્કો
હુકમથી — (હીના દેસાઈ) રજીસ્ટ્રારશ્રી સીવીલ કોર્ટ, સુરત.

જાહેર નિવિદા નં- ૨૮ સને ૨૦૨૫-૨૬

માર્ગ અને ,મકાન વિભાગ, ગુજરાત રાજય

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, વલસાડ (મા.×મ.) વિભાગ, સેવા સદન-૨,પેહેલો માળ,વલસાડ-૩૯૬૦૦૧, ફોન-નં-(૦૨૬૩૨)૨૪૪૧૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગથી વિભાગ દ્વારા કુલ ૧૭ કામો જેની અંદાજીત રકમ ૬.૧૫ લાખ થી ૨૦.૫૫ લાખ છે. માટે ઓનલાઈન ટેન્ડરો માંગવામાં આવે છે.જેના ટેન્ડરો વેબસાઈટ https://www.tender.nprocure.com ઉપરથી જોવા મળશે.

ઉપરોક્ત નિવિદામાં સમાવિષ્ઠ કામો તારીખ.૨૮-૧૦-૨૦૨૫ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીશન કરી શકાશે.અને શક્ય હશે તો ટેન્ડર બીજા દિવસે ખોલવામાં આવશે. કોઈ પણ કારણો આપ્યા સિવાય ટેન્ડર રદ કરવાની સતા અત્રેના વિભાગની અબાધિત રહેશે.

ન. માહિતી/વલસાડ/૫૮૩/૨૦૨૫

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વે ને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટના સબ–ડીસ્ટ્રીકટ સુરત સીટી તાલુકાના કોલસાવાડ, મંછરપુરા વિસ્તાર વોર્ડ નં.૬ માં આવેલ શીટ નં.૧૭, **સીટી સર્વે નં.૩૧૦** ક્ષેત્રફળ ૭૧.૩૪૮૮ ચોરસ મીટર વાળી જમીન ઉપર બાંધવામાં આવેલ મકાન જેનું વેરાબીલ મુજબ બાંધકામનું ક્ષેત્રફળ ૨૦૦.૯૮ ચોરસ મીટર જેનો મ્યુ.ટેનામેન્ટ નં.૦૦૬.A–૦૩–૦૯૨૧–૦–૦૦૧ છે તે જમીન અમલા ઈમારત વાળી તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહીતની મીલકત ના સ્વતંત્ર અને સંપુર્ણ માલીક, મુખત્યાર, કબજેદાર, ભોગવટેદાર તરીકે (૧) રજનીકાંત કાંતિલાલ પુઠાવાલા, (૨) અશ્વિનકુમાર કાંતિલાલ પુઠાવાલા, (૩) પ્રકાશચંદ્ર કાંતિલાલ પુઠાવાલા, (૪) રાજેન્દ્રકુમાર કાંતિલાલ પુઠાવાલા ચાલી આવેલ છે તેવુ જણાવી સદરહુ મીલકત મારા અસીલને વેચાણથી આપવાનું નકકી કરેલ છે. આમ, સદરહુ મીલકત તથા સદરહુ મીલકતના દસ્તાવેજો રીલેટેડ કોઈપણ રાષ્ટ્રીય કૃત તથા સહકારી બેંક કે બેંક જેવી સંસ્થા, કે નાંણાકીય સંસ્થા, ખાનગી સંસ્થા યા કોઈ સંગા સંબધી યા કુટુંબીજનો યા અન્ય ત્રાહીત વ્યકિતનો હરકોઈ પ્રકારનો હકક, હિત, સંબધ, હિસ્સો, દરદાવો, લાગભાગ, બોજો યા ચાર્જ હોય તો તે અંગે કોઈ નો કોઈપણ પ્રકારનો વાંધો યા રજુઆત હોય તો સદરહુ મીલકતની આ ટાઈટલ કલીયરઅન્સ અંગેની જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાના **દિન–૧૦** માં લેખિત દસ્તાવેજી પુરાવા સહીત જાણ કરવી જો આ પ્રકારે સદરહુ મીલકત અન્વયે કોઈના વાંધા યા રજુઆત ન આવે તો મુદત વીત્યે સદરહુ મીલકત સંબધી કોઈનો યાને કોઈપણ પ્રકારનો હકક, હિત, સંબધ, હિસ્સો, દરદાવો, લાગભાગ, બોજો યા ચાર્જ કે તકરાર નથી અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર હોય તો તે ત્યજી / છોડી દીધી છે તેમ સમજી લેવાશે, અને મારા અસીલને નકકી કરેલ વેચાણ અવેજની રકમ ચુકતે ચુકવી કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરી લેશે જેની સંબધિત સર્વે જણે નોંધ લેવી.

અસીલની સુચનાથી — તારીખ : ૧૯.૧૦.૨૦૨૫

અજય સી. ભગત (એડવોકેટ એન્ડ નોટરી)

ઓફીસ : ૬, અપર ગ્રાઉન્ડ, ભાવસારવાડી, ઈચ્છામહેતાની શેરી, સગરામપુરા, સુરત–૨. મો. નંબર : ૯૮૨૫૭૦૫૧૭૭

જાહેર નોટીસ

મોજેઃ મંદિર, તા. જલાલપોર, જી. નવસારીની સીમમાં આવેલ **ખાતા નં. ૧૨૨ બ્લોક/સર્વે નં. (જુનો) ૯૨૭ (નવો) ૧૦૫૮, ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૨-૧૫-૬૮ આકાર રૂા. ૨૦.૬૦ પૈસા** વાળી જુની શરતની ખેતી જમીનના માલિક **(૧) ઈકબાલ હુશેન ફકીર, (૨) અબ્દુલ રઉફ ફકીર** નાઓએ તેઓની સંયુક્ત માલીકીની તથા કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી સદર ખેતીની જમીન વેચાણ આપવાનું નક્કી કરે, જે અંગેની જાહેર નોટીસ તા. ૦૭/૧૦/૨૦૨૫ ના રોજ દૈનિક વર્તમાન પત્ર ગુજરાત મિત્રની સુરત આવૃત્તિમાં એડવોકેટશ્રી વિરેશ ડી. ડુમસીયા તથા કમલ એચ. મિસ્ત્રીનાઓએ તેમના અનામી અસીલ જણાવી પ્રસિધ્ધ કરાવેલ છે. પરંતુ સદરહુ ઉપરોકત જણાવેલ મીલકતના માલીકો યાને હમારા અસીલો (૧) ઈકબાલ હુશેન ફકીર, (૨) અબ્દુલ રઉફ ફકીર નાઓ સદરહુ મીલકત ટેકનીકલ કારણોસર વેચાણ કરવા માંગતા ન હોય જેથી સદરહુ મીલકત સંબંધે થયેલ વેચાણના તમામ વ્યવહારો આ જાહેર નોટીસ થકી રદ કરીએ છીએ. હવે પછી સદરહું જમીન અંગે કોઈ હકક, હિત, હિસ્સો, અધિકાર રાખ્યો નથી કે રહ્યો નથી. તેમજ હવેથી સદરહું જમીનના માલીકો બીજા અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસથી કે ઈતર રીતે ટ્રાન્સફર કરી-કરાવી શકશે જે સંબંધે કોઈપણ વ્યક્તિ, ઈસમ કે સંસ્થાએ કોઈ તર-તકરાર કરવા-કરાવવાની રહેશે નહીં અને જો તેવી કોઈ તર-તકરાર ઉપસ્થિત કરે કરાવે તો તે આ નોટીસ રૂએ રદ્બાતલ થયેલી ગણવાની રહેશે. જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

જમીન માલીકો સહી,

(૧) ઈકબાલ હુશેન ફકીર (૨) અબ્દુલ રઉફ ફકીર — હમારા અસીલની સુચનાથી,

તા. ૧૮-૧૦-૨૦૨૫ — **સાગર આર. પંડયા** (એડવોકેટ)

ઓ. ૧૩, હાઈટ હાઉસ એપાર્ટમેન્ટ, કલેકટર ઓફીસ પાસે, કાલીયાવાડી, તા. નવસારી શહેર, જી. નવસારી. મો.: 8485950448

શેર સર્ટીફીકેટ ગુમ થયા અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, સુરત સીટી સબ-ડીસ્ટ્રીકટના શહેર સુરતના મજુરામાં આવેલ રે.સ.નં. ૪૪/૨, ટી.પી.સ્કીમ નં. ૬, ફા.પ્લોટ નં.૨૮ પૈકી, વોર્ડ મજુરાના સીટી સર્વે નં.૮૬૦/અ પૈકીવાળી મિલકત, જે સુમંગલ કો.ઓ. હા. સોસાયટી લિ. ની માલીકીની ચાલી આવેલ છે જેનો રજી. નં. ઘ-૭૮૯૩ તા. ૭/૭/૧૯૮૦ છે. સદરહુ બીનખેતીની જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૪૦ મુળ ગુણવંતભાઈ ભીખુભાઈ નાયકને સોસાયટીએ શેર સર્ટીફીકેટ નં. ૬૯, શેર નંગ- ૫, નંબર ૩૪૧ થી ૩૪૫ તા. ૨૧/૧/૧૯૮૨ ના રોજ ફાળવી આપી સભાસદ બનાવેલ. ત્યારબાદ, સદરહુ મીલકત ગુણવંતભાઈ ભીખુભાઈ નાયકના પાવરદારશ્રી અતુલકુમાર ભીખુભાઈ પાસેથી સુમિત્રાબેન નાનુભાઈ નાયકે તા. ૨૨/૮/૧૯૮૬ ના રોજ વેચાણ દસ્તાવેજ નં. ૬૯૮૧ થી વેચાણ રાખેલ (જેનો નવો નં.૭૪૦૬/૨૦૦૦) જે અંગે સોસાયટીએ ટ્રાન્સફર અંગે તા.૨૧/૩/૧૯૮૬ ના રોજ પ્રમાણપત્ર આપેલ. ત્યારબાદ, સુમિત્રાબેન નાનુભાઈ નાયક તા.૨૭/૫/૨૦૨૦ ના રોજ ગુજરી જતાં તેમના કાયદેસરના વારસદારો તરીકે (૧) સમીર નાનુભાઈ દેસાઈ (૨) સમતા નાનુભાઈ નાયક તે અતુલભાઈ નાયકની પત્ની અને (૩) જીગીષા નાનુભાઈ નાયક તે ભાવેશભાઈ દેસાઈની પત્ની વારસાઈની રૂએ સદર મીલકતના માલીક મુખત્યાર થયેલા. ત્યારબાદ, તા.૧૧/૮/૨૦૨૫ ના રોજ સમતાબેન અને જીગીષાબેને અપીલ સંમતીપત્રકથી ઉપરોકત પ્લોટ નં.૪૦ ઉપરથી તેમનો હકકદાવો છોડી દીધો છે. આમ, સદર મીલકતના માલીક મુખત્યાર સમીર નાનુભાઈ દેસાઈ થયેલા. સદર શેર સર્ટીફીકેટ તેમનાથી ગુમ થયેલ છે. જે અંગે સોસાયટીમાંથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ મેળવવા માટે અરજી કરી છે. આ અંગે કોઈને વાંધા કે હકક હિસ્સા સંબંધ હોય તો આ દૈનિક પેપરમાં આપેલ નોટીસથી દિન-૭ માં સોસાયટીની ઓફિસમાં અથવા અમારા અસીલ વતી અમને લેખિતમાં જાણ કરવી. મુદત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં. તેની લાગતા વળગતાએ નોંધ લેવી.

ઠેઃ ૮, સોમનાથ સોસાયટી, ભટાર રોડ, સુરત.મો.નં.: ૯૮૨૫૫૧૯૦૩૮ — **નવીનચંદ્ર પી. ઇન્દોરવાલા** એડવોકેટ

મોજે સાંધિયેરના બ્લોક નં. ૭૫૯ વાળી જમીન અંગેની જાહેર જવાબનો જાહેર ખુલાસો તથા જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત જીલ્લાના ઓલપાડ તાલુકાના મોજે ગામ સાંધિયેરના ખાતા નં. ૧૬૧, રે. સ. નં. ૪૯૩/૩, બ્લોક નં. ૭૫૯ વાળી સુમારે હેકટર ૦–૫૪ આરે–૬૩ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી ખેતીની જમીન, જેનો આકાર રૂા. ૦૯–૦૬ પૈસાવાળી જમીન અમારા અસીલો (૧) સુખદેવકુમાર સુરેન્દ્રકુમાર તથા (૨) ભરતકુમાર સુરેન્દ્રકુમારની સ્વતંત્ર માલીકીની ચાલી આવેલ છે. જે જમીન અમારા અસીલે વેચાણ આપવાનું નકકી કરતા ખરીદનાર દ્વારા તેમના વકીલ મારફતે તા. ૧૧–૧૦–૨૦૨૫ ના રોજ ગુજરાતમિત્ર પેપરના પેઈજ નં. ૨ ઉપર જાહેર નોટીસ તથા ટાઈટલ કલીયરન્સ અંગેની નોટીસ પ્રસિધ્ધ કરાવેલી. જે નોટીસ વિરૂધ્ધ એડવોકેટશ્રી ચિરાગ એમ. પટેલ મારફતે તા. ૧૫–૧૦–૨૦૨૫ ના રોજ ગુજરાતમિત્ર પેપરના પેઈજ નં. ૨ ઉપર છપાવેલ જાહેર નોટીસનો જાહેર જવાબ પ્રસિધ્ધ કરાવેલ છે તે જાહેર જવાબનો જાહેર ખુલાસો તથા જાહેર ચેતવણી અમારા અસીલોની સુચના અને ફરમાઈશથી નીચે મુજબ આપીએ છીએ...

ખરી હકીકતમાં સદરહું જમીન ચેતનદાસ રણછોડદાસ તા. ૦૬–૦૫–૧૯૪૪ નાં રોજ વેચાણ રાખેલી. જે વેચાણ અંગેની નોંધ નં. ૭૦૯, તા. ૨૬–૦૬–૧૯૪૪ નાં રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી. આમ, સદરહું જમીન તેઓની સ્વપાર્જીત મિલકત ચાલી આવેલ છે. તેઓએ તેમની હયાતીમાં સદરહું જમીન તથા અન્ય જમીનો અંગે તા. ૧૨–૦૭–૧૯૯૭ નાં રોજ વહેંચણ કરી, સદરહું જમીન વહેંચણથી ચેતનદાસ રણછોડદાસ યાને પોતાની પાસે સ્વતંત્ર હકકે રાખેલી. જે વહેંચણ અંગેની નોંધ નં. ૭૬૬૭, તા. ૨૦–૦૯–૧૯૯૭ નાં રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી. જે વહેંચણ કરારમાં પ્રભાવતીબેન યોગેશકુમારની પત્ની તથા ચેતનદાસની પુત્રીએ સહી સંમતી આપેલ છે. જે વહેંચણી કરાર રેવન્યુ રેકર્ડ ઉપર છે. તેમ છતાં જાહેર જનતા ને ગેરમાર્ગે દોરવા જાહેર નોટીસ આપેલ છે.

ત્યારબાદ, સદરહું જમીનના સ્વતંત્ર માલીક : ચેતનદાસ રણછોડદાસે સદરહું જમીન અમારા અસીલોના નામે દાખલ કરાવેલી. જે અંગેની નોંધ નં. ૮૨૦૮, તા. ૨૯–૦૫–૨૦૦૧ નાં રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી. સબબ, ત્યારથી યાને કે ૨૪ વર્ષથી સદરહું જમીન અમારા અસીલોની કુલ, સંપુર્ણ અને સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટા હેઠળ ચાલી આવેલ છે. સદરહું જમીનો સિવાય અન્ય જમીનો અંગે ઘણા વાદ વિવાદો કોર્ટ કચેરીમાં ચાલે છે. અને તે તમામમાં પ્રભાવતીબેન યોગેશકુમારની પત્ની તથા ચેતનદાસની પુત્રી પણ પક્ષકાર છે. અને જેથી તેઓને સદરહું જમીનમાં થયેલ તમામ ફેરફારોની જાત માહિતી છે. માત્ર અને માત્ર ખોટા પ્રકરણો કરવા અને વિલંબનો લાભ લેવા માટે જાહેર જવાબ આપેલાનું રેકર્ડ ઉપરથી જ સાબિત થાય છે.

ઉપરના તમામ સંજોગોમાં સદરહું જમીનમાં પ્રભાવતીબેન યોગેશકુમારની પત્ની તથા ચેતનદાસની પુત્રીનો વણવહેંચાયેલો હકક, હિસ્સો હોવાની હકીકતો ખરી નથી અને તેથી ખોટી રીતે પોતાના માલીકી હકકો ઉભા કરવા માટે જાહેર નોટીસ છપાવી, જાહેરને ગેરરસ્તે દોરવા કોશીશરૂપ આપેલ જાહેર નોટીસનાં જાહેર જવાબમાં જણાવેલ હકીકતો ખરી નથી. તેમજ અમારા અસીલ ખોટી રીતે પ્રસિધ્ધ કરાવેલ જાહેર જવાબ બદલ પ્રભાવતીબેન યોગેશકુમારની પત્ની તથા ચેતનદાસની પુત્રીનાં વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી રહેલ છે. આમ ઉપરોકત હકીકતે સદરહું જમીન સંપુર્ણ ચોખ્ખા ટાઈટલ વાળી હોવાથી અમારા અસીલોને સદરહું જમીન વેચાણ કરવાનો સંપુર્ણ હકક અને અધિકાર રહેલ છે. જેની સ્પષ્ટ નોંધ લેવી.

સુખદેવકુમાર સુરેન્દ્રકુમાર વિગેરેની સુચના અને ફરમાયશથી સહી/–

ઠે.: એફ–૧, લુપ્રિત આર્કેડ, પેટ્રોલ પંપની પાસે, ઓલપાડ મેઈન રોડ, ઓલપાડ, તા. ઓલપાડ, જી. સુરત. મો.નં. ૯૯૦૯૦ ૦૯૧૦૦ — **મારી મારફત રઈશ એ. શેખ** એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, **ભરૂચ ડીસ્ટ્રીકટ હાંસોટ સબ-ડીસ્ટ્રીકટનાં મોજે ગામ-આસરમાનાં ખાતા નંબર-૬૯૫ જેનો બ્લોક/સર્વે નંબર-૬૩૪ (જુનો બ્લોક/સર્વે નંબર-૪૩૧)** જેનુ કુલ ક્ષેત્રફળ હેકટર ૧-૨૭-૧૯ આરે.ચો.મી., જેનો આકાર રૂા.૯-૦૫ પૈસાવાળી ખેડખાતાની ખેતીની જુની શરતની જમીન **જીવરાજભાઈ સુખાભાઈ ડાંખરા**નાં સ્વતંત્ર નામે ચાલી આવેલ છે. સદરહું જમીન તેમની પાસેથી અમારા અસીલે વેચાણ રાખવાનું નકકી કરેલ. અને ટુંક સમયમાં અમારા અસીલ મજકુર જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. જે સંજોગોમાં આ નોટીસ થકી જણાવવાનું કે, ઉપર જણાવેલ મિલકત બાબત કોઈનો કોઈપણ જાતનો હકક,હિત,હિસ્સો,લાગભાગ,દર-દાવો,મોરગેજ,ટાંચ વિગેરે હોય તો તેઓએ **દિન-૭** માં દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને ખુલાસો કરવો. ત્યારબાદ સદરહું મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક રહેલ નથી તથા તેવા તમામ હકકો જતા કરેલ યાને વેઈવ થયેલ છે. એમ સમજી વેચાણ લેનાર મુદતમાં વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે. પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર,દરદાવો ચાલશે નહિ. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

જતીન એમ. પટેલ

સ્થળ : હાંસોટ — તે ખરીદનારનાં એડવોકેટ (મો.૯૬૮૭૮૧૨૧૧૮)
તારીખ : ૧૮-૧૦-૨૦૨૫ — ઠેકાણું : મુ.પો.કતપોર,તા.હાંસોટ,જી.ભરૂચ

ટાઈટલ કલીયરન્સ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીકટ રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીકટ સીટી તાલુકા શહેર સુરતના **મોજે : મજુરાના રે.સર્વે નં.૧૫૪ તથા ૧૫૫, જેનો ટી.પી.સ્કીમ નં. ૨૭ (ભટાર-મજુરા), ફાયનલ પ્લોટ નં. ૧૫૪ + ૧૫૫ પૈકી** વાળી જમીનમાં બનાવવામાં આવેલ **"ઈશ્વર નગર કો.ઓ.હા.સોસાયટી લી."** જેનો રજીસ્ટ્રેશન નં. ઘ-૭૮૭૩, તા.૧૪/૦૪/૧૯૮૦ છે. જેમાં પાડવામાં આવેલા ટાઈપ-એ તથા બી વાળા બંગલાઓ પૈકી **ટાઈપ-એ** માં આવેલ **બંગલા નં.૧૦** થી નોંધાયેલી જમીન અમલા ઈમારત સહિતની મીલકત, જેનું **જમીનનું ક્ષેત્રફળ સુમારે ૮૬.૫૩.૮૫ સમ ચો.મી. યાને ૧૦૩.૫૦ સમ ચો.વાર** છે તે જમીન અમલા ઈમારત સહિતની પ્રત્યક્ષ કબજા ભોગવટાની મીલકત તથા સોસાયટીના સભ્યપદ સહિતની મીલકત **મુકેશ જવાહરલાલ સિંઘાઈ**ની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી તથા સોસાયટી તરફથી આપવામાં આવેલ મૂળ અસલ શેર સર્ટીફીકેટ ગેરવલ્લે યાને ગુમ થયેલ હોવાનું જણાવી હમારા અસીલને ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ કઢાવી તેની કોપી આપી તથા મોટો અવેજ સ્વીકારી, તેઓ સદર મિલકત પ્રત્યક્ષ માલીકી, કબજા, ભોગવટા સહિત હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. તેમજ ટુંક સમયમાં સદર મિલકતના દસ્તાવેજ હમારા અસીલ બનાવી લેવાના છે. સદરહું મિલકત બાબતે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો, બોજો, લીયન કે કબજો હોય, કે કોઈને કોઈપણ પ્રકારના વાંધા વિરોધ અવરોધ કે અટકાયત હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં હમોને લેખિતમાં પુરાવા સહિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો મુદ્દત વિત્યેથી કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, બોજો, લીયન નથી અથવા છોડી દીધો છે યાને વેવ કરેલ છે તેવું માની હમારા અસીલ સદરહું મિલકતના પાકા દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા, વિરોધ, અટકાયત કે દર-દાવા ચાલશે નહી. તેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

તા.૧૬-૧૦-૨૦૨૫

ઓફિસ : ૧૦૩,સિધ્ધી વિનાયક એપાર્ટમેન્ટ, વાડી ફળીયા, પગથીયાશેરી, સુરત. મો. નં. ૯૮૨૪૧-૭૫૯૬ — **વિજય કે.જરીવાલા તે ખરીદનારના એડવોકેટ**

-: જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે અમોના અસીલના કહેવા મુજબ અમોએ તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજ ગુજરાત મિત્ર અખબારમાં જાહેર નોટીસ તથા ચેતવણી સુરત ડ્રિસ્ટ્રીકટ, સબ ડ્રિસ્ટ્રીકટ તથા તાલુકા પલસાણાનાં મોજે ગામ બલેશ્વરનાં (૧) ખાતા નં.૨૦૨, રે.સર્વે નં.૨૮૪, જેનો બ્લોક નં. ૨૫૭ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન જેનુ કુલ ક્ષેત્રફળ હે.આરે.૦–૮૨–૩૯ ચો.મી., જેનો આકાર રૂા.૭.૭૦ પૈસા વાળી ખેડ ખાતાની ખેતીની જમીન, (૨) ખાતા નં.૫૭, રે.સર્વે નં. ૨૯૩, જેનો બ્લોક નં. ૨૫૬ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન જેનુ જરાયતનુ ક્ષેત્રફળ સુમારે હે.આરે.૧–૬૦–૮૬ ચો.મી. અને પોત ખરાબાનું ક્ષેત્રફળ સુમારે હે.આરે.૦–૦૧–૦૧ ચો.મી. મળી કુલ્લે ક્ષેત્રફળ હે.આરે.૧–૬૧–૮૭ ચો.મી., જેનો આકાર રૂા.૧૩.૩૭ પૈસા વાળી ખેડ ખાતાની ખેતીની જમીનો અંગે આપેલ, આ જમીનના માલીકો વતી જુનેદ સાલેહ પટેલએ અમોના અસીલ ૧) ભરતભાઈ રામજીભાઈ બલદાણીયા, ૨) ભુપતભાઈ મથુરભાઈ ઝીઝાળા સાથે વેચાણનો સોદો કરેલ, અને વેચાણ કરાર યાને સાટાખત બનાવી આપેલ, જે વેચાણ પેટે અમોના અસીલે મોટા ભાગનું પેમેન્ટ ચુકવી આપેલ, પરંતુ અમોના અસીલ ઉપરોકત જમીનો વેચાણથી લેવા ન માગતા હોવાથી, અમોના અસીલે જે પેમેન્ટ ચુકવેલ તે તમામ પેમેન્ટ જુનેદ સાલેહ પટેલએ પરત કરેલ છે, તેથી વેચાણ કરાર યાને સાટાખતમાં જણાવેલ ઉપરોકત જમીનો તથા અમોના અસીલની જમીન/મીલકતો અંગે થયેલ ખરીદ–વેચાણનો સોદો રદ યાને વેવ અમોના અસીલ અને જુનેદ સાલેહ પટેલએ કરેલ છે. તેથી આજરોજ થી ઉપરોકત જણાવેલ જમીનો તથા અમોના અસીલની જમીન/મીલકત બાબતે નાણાની લેવડ–દેવડ બાકી રહેતી નથી. જેથી ઉપરોકત જણાવેલ મોજે ગામ બલેશ્વરનાં બ્લોક નં. ૨૫૬, ૨૫૭ વાળી ખેતીની જમીનો તથા અમોના અસીલની જમીન/મીલકતો નાં માલીકો કોઈપણ વ્યક્તિ, સંસ્થા, ભાગીદારી પેઢી, ખાનગી ભાગીદારો વિગેરે સાથે વેચાણનો વ્યવહાર કરી શકશે તે વેચાણ બાબતે અમોના અસીલને કોઈ વાંધો–વિરોધ કે તર–તકરાર રહેશે નહી. જેની આમ જનતાએ ખાસ નોંધ લેવી.

૬૦૨, છઠ્ઠો માળ, આર્માડા, મીની બજાર, વરાછા રોડ, સુરત. મો. નં. ૯૮૭૯૫ ૦૦૮૫૬. — **સુમીત કે. માંગુકીયા** એડવોકટ (અમારા અસીલની સુચના અને ફરમાઈશથી)

મે. સુરતના ૧૬માં એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જડ્જ સાહેબની કોર્ટમાં

રૂમ નં. ૨૧૩, બીજો માળ, જીલ્લા ન્યાયાલય, સુરત

અરજદારઃ બાબુભાઈ ખોડાભાઈ પડસાળા વિગેરે — સી.એમ.એ.ડી.સી. નં. ૨૦૧/૨૦૨૪
વિરૂધ્ધ — અરજદારના વ. વકીલશ્રી આર. વી કોરાટ
સામાવાળા : વ્રજલાલ નારણભાઈ પટેલ વિગેરે..

અપીલ અરજીના પ્રોસેસની જાહેર નોટીસ

મે. સુરતના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જડજ સાહેબના સ્પે. દિ.મુ. નં. ૨૨૫/૨૦૦૪ ના કામે પ્રતિદાવો (કાઉન્ટર કલેઈમ) આંક-૧૪૯ નામંજુર કરતા પુરતો હુકમ તથા હુકમનામા વિરૂધ્ધ અરજદારોએ અપીલ નોંધાવેલ છે અને તે અપીલ નોંધાવવામાં થયેલ વિલંબ માફ કરવા માટેની વિલંબ માફની અરજી નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે. તે અપીલ-વિલંબ માફની અરજીમાં તમોને સામાવાળા તરીકે નીચેની વિગતથી દાખલ કરેલ છે.

(૧) વ્રજલાલ નારણભાઈ પટેલ, રહેવાસી- ૭૨, સાઇના સોસાયટી, વરાછા રોડ, સુરત.
(૨) મહેશભાઈ ઓઘવજીભાઈ પટેલ, રહેવાસી- ૭૨, સાઇના સોસાયટી, વરાછા રોડ, સુરત.
(૩) શ્રી એન.એમ. રામાણી, રહેવાસી- ૭૨, સાઇના સોસાયટી, વરાછા રોડ, સુરત. નંબર ૧ થી ૩ ના કુલ મુખત્યાર શ્રી વીરજીભાઈ ઠાકરશીભાઈ પટેલ, રહેવાસી- બી/૪૦૧, સંસ્કાર ફલેટ, સ્નેહ સાગર સોસાયટી, કતારગામ, સુરત.
(૧૮) પનાબેન પ્રવિણચંદ્ર રૂચખાવાલા, રહે : ૮, સમર્પણ સોસાયટી, ચોકસી વાડી પાસે, રાંદેર અડાજણ, સુરત.
(૨૧) શ્રીમતી ભીમીકા વિજયભાઈ ભટ્ટ રહેવાસી-૨૦૩-૨૦૪, ગીરનાર એપાર્ટમેન્ટ, ડેપ્યુટીનો ખાંચો, ગોપીપુરા, સુરતના તરફે તેઓનાં કુલમુખત્યાર તરીકે બકુલભાઈ ઈશ્વરભાઈ મોદી, રહે : ૭૦૧/એ, સીમંદર એપાર્ટમેન્ટ, નહેરૂ નગરાની બાજુમાં ઈચ્છાનાથ, સુરત.
(૨૪) દામજીભાઈ ઝવેરભાઈ, રહેવાસી-૭૨, સાઇના સોસાયટી, વરાછા રોડ, સુરત
(૨૮) પ્રાગજીભાઈ નાનજીભાઈ પટેલ, રહે : વર્ષા સોસાયટી, માતાવાડી વરાછા રોડ, સુરત.
(૩૨) વિનોદકુમાર રામચંદ્ર વટીયની, રહેવાસી - કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત.
(૩૩) અનીલકુમાર કીશનચંદ્ર વટીયાની, રહેવાસી- કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત.
(૩૪) શારદાબેન સુમનભાઈ જરીવાલા, રહેવાસી- ૫, કરૂણાસાગર, સરગમ શોપીંગ સેન્ટરની સામેની ગલીમાં, અમીધરા એપાર્ટમેન્ટની પાસે, પારલે પોઈન્ટ, સુરત.
(૩૮) લતાબેન સુરેશકુમાર, રહેવાસી- ખાંગડશેરી, બેગમપુરા, સુરત.
(૩૯) અજયકુમાર કીશનચંદ્ર સીગેશ, રહેવાસી-કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત.
(૪૦) મહેશકુમાર રામચંદ્ર, રહેવાસી–કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત.
(૪૪) સુરેન્દર નારાયણદાસ તારીક, રહેઃ ૩/એ, સંગમ એપાર્ટમેન્ટ, સોમનાથ મહાદેવ રોડ, સુરત.
(૫૦) ચંદુભાઈ બાબુભાઈ પટેલ, રહે : ૭/૩૪૨, રામપુરા મેઈન રોડ, સુરત.
(૫૭) ધીરજલાલ ડાહયાભાઈ પટેલ, રહેવાસી–- રૂંઢ મગદલ્લા બેંક ઓફ બરોડા ની પાસે, તા. ચોર્યાસી, જી.સુરત. પોતે તથા મર્હુમ પાનીબેન તે ડાહયાભાઈ ગાંડાભાઈની વિધવાના વારસદાર તરીકે
(૫૮) દિનેશભાઈ ડાહ્યાભાઈ પટેલ, રહ